પનવેલ( મહારાષ્ટ્ર ) પાસે ગોઝારો અકસ્માત થયો

# મુંબઇ લાલબાગ ચા રાજાના દર્શને જતા વાઘોડિયાના યુવકનુ કાર અકસ્માતમા મોત

ગમખ્વાર અકસ્માતમાં પાંચથી છ લોકોને નાની મોટી ઈજા



(પ્રતિનિધિ) વાઘોડીયા, તા.3
રાજ્યભરમાંથી મહારાષ્ટ્રમા લાલબાગના મહારાજ ગણપતીના દર્શને અનેક લોકો જતા હોય છે. વડોદરા અને વાઘોડિયાથી કેટલાક પરિવારના સભ્યો વાઘોડિયાથી કારમા સવાર થઈ વિઘ્નહર્તાના દર્શને નીકળ્યા હતા. આજે સવારે આશરે 6:30 વાગ્યાની આસપાસ મહારાષ્ટ્રના પનવેલ હાઈવે પર ગાડી જતી હતી તે સમયે આગળની આઈસરમા કાર પાછળથી ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો, જેમા વાઘોડિયા ટાવર નજીક ગાંધી ફળિયામાં રહેતા કેતુલ હિતેશભાઈ પટેલ (30) નુ અકસ્માતમા મોત નિપજ્યુ હતુ.

પત્ની અને ગાડીમા આશરે 6 જેટલા સવાર લોકોને નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. મુંબઈ લાલબાગના રાજાના દર્શન કરવા જતા સમયે સવારે મુંબઈ પાસે ગાડીનો આઈશર ટેમ્પા સાથે અકસ્માત થતા ગાડીમાં 6 સવારમાંથી વાઘોડિયાના કેતુલ પટેલનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્યને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

જેની જાણ વાઘોડીયા સ્થિત પરિવાર અને મિત્રોને કરવામા આવતા પરીવારના સભ્યો મુંબઈ જવા નીકળ્યા હતા. મૃતક યુવકના પાંચ માસ પહેલાજ રજીસ્ટર લગ્ન થયા હતા. જૂવાનજોધ યુવકના મોતથી વાઘોડિયા સમગ્ર નગર શોકમગ્ન બન્યુ હતુ.

સાંસદ જશુભાઈ રાઠવાની કાર્યક્રમમાં વિશેષ હાજરી

# આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબ સેમિનારનો શુભારંભ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
ભારત સરકારના આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત છોટાઉદેપુર તાલુકાના ઘેલવાટ ગામે ત્રી દિવસીય ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબ સેમીનારનું સાંસદશ્રી જશુભાઇ રાઠવા દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ડિસ્ટ્રિક્ટ પ્રોસેસ લેબમાં તાલુકા કક્ષાના બ્લોક માસ્ટર ટ્રેનર્સને ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર્સ દ્વારા રેસીડેન્સિયલ તાલીમ આપવામાં આવી રહી છે. આ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવાએ પ્રાસંગિક ઉદબોધન કરી તમામ બ્લોક માસ્ટર ટ્રેનર્સને આ રેસિડેન્શિઅલ તાલીમ માટે શુભેચ્છાઓ પાઠવી જિલ્લાના નાગરિકો માટે સેવાભાવથી કામ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તાલીમ માં આશરે ૫૦ જેટલા પ્રતિભાગીઓ ભાગ લઈ રહ્યા છીએ. આ તાલીમ પૂર્ણ કાર્ય બાદ બ્લોક માસ્ટર ટ્રેનર્સ તેમના તાલુકાના ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગીઓ, આદિ સહયોગી અને આદિ સાથીઓને તાલીમ આપશે. જેથી આદિ કર્મયોગી અભિયાનનો પ્રતિબંધ અને મોટીવેટેડ આદિ કર્મયોગીઓ તૈયાર કરવાનો હેતુ પૂર્ણ થશે.

આ સેમીનારમાં પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા, એપીએમસીના ચેરમેન મુકેશભાઈ પટેલ, ટીડીઓ સાગર કળસરિયા સહીત પ્રાયોજના વહીવટદાર કચેરીના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામ્ય એસઓજીએ રેડ કરતા ડીગ્રી વગરના તબીબોમાં ફફડાટ

# સણિયાદ ગામેથી વગર ડિગ્રીએ દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.3
કરજણ તાલુકાના સણિયાગ ગામેથી ગ્રામ્ય એસઓજી પોલીસની રેડ કરીને ડિગ્રી વગર દવાખાનું ચલાવતા પશ્ચિમ બંગાલના બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. વિના ડીગ્રીએ લોકોની દવા આપી સારવાર કરીને તેમની જિંદગી સાથે ચેડા કરતો હતો. દવાખાનમાંથી એલોપેથી દવા, ઈન્જેક્શનો, બોટલો સહિતના મેડિકલ સામાન મળી રૂ.13 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વડોદરા જિલ્લાન ગ્રામ્ય વિસ્તારોમાં ડીગ્રી ન હોવા છતાં દવાખાનું ચલાવતા ઝોલાછાપ ડોક્ટર અગાઉ ઝડપાયા હોવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ઓપરેશ પરાક્રમ અંતર્ગત કરજણ વિસ્તારમાં ગ્રામ્ય એસઓજીની ટીમ પેટ્રોલિંગ ફરી રહી હતી ત્યારે બાતમી મળી હતી કે સણિયાદ ગામમાં શંકર સમંદર કોઈ પ્રણ પ્રકારની ડીગ્રી વગર તથા લાઈસન્સ વિના મેડિકલ પ્રેકટિસ કરીને એલોપેથી દવાનો જથ્થો દવાખાનામાં રાખી બીમાર દર્દીઓની સારવાર કરે છે. જેથી એસઓજીની ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી ત્યારે દવાખાનામાં શંકર સમંદર (મૂળ પશ્ચિમ બંગાળ હાલ, કરજણ) હાજર હોય તેને ઝડપી પાડ્યો હતો. શંકર સમંદર પાસે તેને સાથે રાખી દવાખાના તપાસ કરી હતી ત્યારે એલોપેથી દવા, બોટલ, બીપી માપવાનું સાધન, સ્ટેસ્થોસ્કોપ સહિત મેડિકલ પ્રેક્ટિસનો સામાન તેમજ મોબાઈલ અને રોકડ રકમ મળી રૂ.13 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ડોક્ટર ન હોવા ડિગ્રી વગર લોકોને દવા આપી તથા સારવાર કરી તેમની જિંદગી સાથે ચેડા કરતો હતો.

પાવીજેતપુર તાલુકાના ચલામલી ગરબીચોક યુવક મંડળનુ ભવ્ય આયોજન

# ‘સ્થાનિક સંસ્કૃતિ અને સ્વદેશી થીમ’ પર ગણેશ પંડાલ આકર્ષણનુ કેન્દ્ર



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.3
ભક્તિ અને સંસ્કૃતિના ઉત્સવ ગણેશોત્સવ દરમિયાન સમગ્ર રાજ્યમાં વિવિધ થીમ આધારિત પંડાલોમાં ગણેશજી આરાધના ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહી છે. જયારે પ્રકૃતિના ખોળે આવેલા છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ચલામલી ગામ ખાતે ગરબીચોક યુવક મંડળ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ સાથે ‘સ્થાનિક સંસ્કૃતિ અને સ્વદેશી’ થીમ પર શ્રીજી પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ પંડાલમાં ગરબીચોક યુવક મંડળના સભ્યો દ્વારા સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરતી વારલી ચિત્ર કલા, લોકવાદ્ય, ખેતીના ઓજારો, ઘર વપરાસમાં ઉપયોગી વસ્તુઓ, દેવોના ઘોડા દ્વારા પંડાલને સુશોભન કરવામાં આવ્યું છે. ગણેશ પંડલની બાજુમાં નાની કુટીર બનાવી સ્વદેશી ચીજ-વસ્તુઓ મૂકવામાં આવી છે. આ સ્વદેશી કુટીર દ્વારા સમાજને સ્વદેશી અપનાવોનો સંદેશ આપવા આવ્યો છે. કુટિરમાં વિવિધ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મૂકવામાં આવી છે જે કુટીર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મંડળના યુવાન ડૉ.જીગ્નેશ પંડ્યાએ જણાવ્યું કે, ગરબીચોક યુવક મંડળ વણધા ચલામલી ગરબીચોક યુવક મંડળ ૪૮ વર્ષોથી કાર્યરત છે. ગરબીચોક યુવક મંડળમાં કુલ 30 સભ્યો છે જે દર વર્ષે ગણેશ ઉત્સવ અને મા અંબાની નવરાત્રી અલગ અલગ થીમ ઉપર સમાજને ઉપયોગી થાય એવી નવી નવી થીમો લાવે છે. બધી જ વસ્તુઓ અમે અહીંયા ગોઠવી સમાજને અને સૌને જુની સ્મૃતિ યાદ કરાવીએ છીએ. સાથે ‘સ્વદેશી અપનાવો દેશ બચાવો’ અંતર્ગત રોજીંદા જીવનમાં સ્વદેશી વસ્તુઓ અપનાવવા સંદેશો આપીએ છીએ.

# પાવીજેતપુર મોહનસિંહ છોટુભાઈ રાઠવા સાયન્સ કોલેજમાં રેફરન્સ બુક એક્ઝિબિશન



(પ્રતિનિધિ) બોડેલી, તા.3
પાવીજેતપુર શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા સાયન્સ કોલેજમાં એક વિશેષ વિજ્ઞાન રેફરન્સ બુક એક્ઝિબિશન યોજાયું હતું. આ કાર્યક્રમમાં કોલેજના પ્રથમ વર્ષ (F.Y.), બીજા વર્ષ (S.Y.) તથા ત્રીજા વર્ષ (T.Y.) ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન Chemistry, Physics, Mathematics, Botany તથા Microbiology જેવા મુખ્ય વિષયોની વિવિધ રેફરન્સ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ આ પુસ્તકોનું નિરીક્ષણ કરીને વિષયોની ઊંડાણપૂર્વક સમજ મેળવી. Chemistry વિષયની પુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રયોગો, પર્યાવરણમૈત્રી રાસાયણિક પદ્ધતિઓ અને ઔદ્યોગિક ક્ષેત્રે રસાયણશાસ્ત્રનો ઉપયોગ કેવી રીતે થાય તેની સમજ મેળવી. Physics વિષયની પુસ્તકોમાં ઊર્જાના સ્રોતો, આધુનિક ભૌતિકશાસ્ત્ર તથા અવકાશ વિજ્ઞાન અંગેની નવીન માહિતી મળી. Mathematics વિષયની પુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓએ તાર્કિક વિચારશક્તિ, સમસ્યા ઉકેલવાની પદ્ધતિઓ તથા નવી ગણિતીય સૂત્રો અંગે જ્ઞાન પ્રાપ્ત કર્યું.

## કાવીઠા ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની બિનહરીફ વરણી

**સંખેડા :** સંખેડા તાલુકાના કાવિઠા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે સતીશ ભાઈ વસાવા હતા પરંતુ ત્રીજા બાળકનો જન્મ થતાં પંચાયત ધારા હેઠળ હોદ્દા પરના ડેપ્યુટી સરપંચ ને તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગેરલાયક ઠેરવતા તા:૩/૦૯/૨૦૨૫ ના રોજ કાવીઠા ગ્રામ પંચાયત દ્વારા ડેપ્યુટી સરપંચની ચૂંટણી કરવામાં આવી હતી જેમાં કાવીઠા ગામના સભ્ય મહેશભાઈ રબારી જેવો એ ડેપ્યુટી સરપંચમાં ફોર્મ ભર્યું હતું ત્યારબાદ કોઈપણ સભ્ય નું ફોર્મ ન ભરાતા મહેશભાઈ રબારી વિજેતા જાહેર થયા હતા અને નવનિયુક્ત થયેલા ડેપ્યુટી સરપંચ મહેશભાઈ રબારી ને સભ્ય દ્વારા ફુલહાર ચડાવી સ્વાગત કરાવ્યું હતું. અને મહેશભાઈ રબારી દ્વારા જણાવ્યું હતું કે હું હવે વિકાસમાં સહભાગી થઈ કામ કરીશ તેવું વચન આપ્યું હતું.

## સુખસર ખાતે વિઘ્નહર્તા ગણપતિજી દસ દિવસની મહેમાનગતિ





સુખસર : હાલ સમગ્ર દેશમાં સનાતન ધર્મમાં પ્રથમ પૂજાતા એવા ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના વિધિ કરી પૂજા અર્ચના કરવામાં આવી રહી છે ત્યારે નાના બાળકોથી માંડીને મોટેરા અને વયોવૃદ્ધો સૌ કોઇ પોતાની મનોકામના સિદ્ધ કરવા માટે દૂંદાળાદેવને રીઝવવામાં પડ્યા છે ત્યારે સુખસર ખાતે પણ શ્રીજીની સ્થાપના વિધિ કરવામાં આવે છે જેમાં દયાળુ હનુમાનજી યુવક મંડળ,પંચાલ ફળિયા તથા મહાદેવ મંદિર ખાતે બિરાજમાન તસ્વીરમાં દેખાય થાય છે

જિલ્લા કક્ષાએ 3 અને તાલુકા કક્ષાએ ૪ શિક્ષકોની પસંદગી

# વડોદરા જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-2025 જાહેર કરાયો, શિક્ષકોને મળશે સન્માન

**સાવલી,** ડભોઈ અને વડોદરા તાલુકાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો




(પ્રતિનિધિ) વડોદરા, તા.3
વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા વર્ષ ૨૦૨૫ માટે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા શિક્ષકોને આ સન્માન આપવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ ત્રણ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. પ્રાથમિક વિભાગમાં પાદરા તાલુકાની લુણા પ્રાથમિક શાળાના સોનલબેન પઢિયારની પસંદગી થઈ છે. માધ્યમિક વિભાગમાં વડોદરા તાલુકાની રણોલી સ્થિત કે.વી.અંગ્રેજી શાળાના રામાભાઈ રોહિતને પસંદ કરવામાં આવ્યા છે. એચ.ટાટ કેટેગરીમાં કરજણ તાલુકાની લાકોદરા પ્રાથમિક શાળાના જયદીપસિંહ ગોહિલનો સમાવેશ થયો છે. તાલુકા કક્ષાએ ચાર શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. સાવલી તાલુકાની ટુંડાવ પ્રાથમિક શાળાના બીનાબેન સોલંકી, ડભોઈ તાલુકાની ગોપાલપુરા પ્રાથમિક શાળાના જયાબેન પરમાર, વડોદરા તાલુકાની અનગઢ પ્રાથમિક શાળાના સ્વીટીબેન ધાણધારા અને ડભોઈ તાલુકાની અકોટદર પ્રાથમિક શાળાના વિજય ભાલીયાનો સમાવેશ થાય છે.

## ડભોઈના અમરેશ્વર તળાવમાંથી મગર ઝડપાયો



(પ્રતિનિધિ) ડભોઇ, તા.3
ડભોઇ તાલુકાના અમરેશ્વર ગામના તળાવમાંથી મહાકાય મગર ઝડપાતા ગ્રામજનોએ હાશકારો લીધો છે.ડભોઇ તાલુકાના અમરેશ્વરના તળાવમાં મગર હોવાની ફરિયાદ ગ્રામજનો ધ્વારા ઉઠી હતી. વન વિભાગ ધ્વારા પાંજરુ મુકી મહાકાય મગરને ઝડપી પાડયો છે. વન વિભાગના મતે મગર પાંચ ફુટનો છે. મગર પકડાતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે. તળાવ પર ઢોરઢાંખરને પાણી પીવડાવા જતા પશુપાલકોને મગરનો ડર સતાવી રહ્યો હતો.

# ગોહિલ જયદિપસિંહ રાયસંગભાઈએ અથાક પ્રયત્નો થકી કર્યો લાકોદરા પ્રાથમિક શાળાનો કાયાકલ્પ



(પ્રતિનિધિ) વડોદરા, તા.3
આજના શિક્ષક દિન નિમિત્તે આપણે એક એવા શિક્ષકની વાત કરીશું, જેમણે માત્ર નોકરી જ નહીં, પરંતુ એક મિશન તરીકે પોતાની ફરજ નિભાવી અને એક શાળાનું ચિત્ર જ બદલી નાખ્યું. આ વાત છે ગોહિલ જયદિપસિંહ રાયસંગભાઈની, જેમણે લાકોદરા પ્રાથમિક શાળાને એક નવી ઓળખ અપાવી.આજે વાત કરવી છે વડોદરાના HTAT શ્રેણીમાં સન્માનવામાં આવનાર કરજણ તાલુકાના કર્મનિષ્ઠ આચાર્ય જયદીપસિંહ ગોહિલની. આચાર્ય જયદિપસિંહ, વર્ષ ૨૦૦૦ માં શિક્ષક તરીકે અને વર્ષ ૨૦૧૨ થી આચાર્ય તરીકે લાકોદરા પ્રાથમિક શાળામાં જોડાયા હતા. તે સમયે શાળામાં સેનિટેશન અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ અપૂરતી હતી.શાળાના બાળકોને શ્રેષ્ઠતમ વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવામાં જયદિપસિંહ અને તેમના સાથી શિક્ષકોએ ગામલોકોના સહકારથી, લગભગ ૧૫૦૦ ટ્રેક્ટર માટી પુરાવીને શાળાનું કેમ્પસ ૫ ફૂટ ઊંચું કર્યું. સમગ્ર શિક્ષા અભિયાન, વડોદરાના સહકારથી નવા વર્ગખંડો, સેનિટેશન, કમ્પાઉન્ડ વોલ અને વૃક્ષારોપણ થકી ઉપવન પણ ઊભું કર્યું છે. આ પ્રયાસોનું ફળરૂપે શાળાને ૨૦૧૬-૧૭ અને ૨૦૨૧-૨૨ માં સ્વચ્છતા એવોર્ડ થી સન્માનિત કરવામાં આવી.

આચાર્ય જયદિપસિંહ માત્ર ભૌતિક સુવિધાઓ પર જ અટક્યા નહીં, તેમણે શિક્ષણના સ્તરમાં પણ ક્રાંતિકારી પરિવર્તન આણ્યું છે. શાળામાં વાંચન, લેખન અને ગણનનું સ્તર ૯૨% થી ઉપર પહોંચી ગયું છે.

## સંખેડા રાણાવાસ વિસ્તારમાં જલઝીલણી અગિયારસની ઉજવણી



(પ્રતિનિધિ) સંખેડા, તા.3
સંખેડા રાણાવાસ વિસ્તારમાં જલઝીલણી અગીયારસની ઉજવણી થઈ હતી. અહિયા 90 વર્ષથી વધુ સમયથી જલઝીલણી અગીયારસની ઉજવણી થાય છે. ગાજબીજ માતાની સ્થાપના કરાય છે. કળશ ભરીને રખાય છે. દહીનો પ્રસાદ ધરાય છે. કોઈને વસ્તાર ન થતો હોય તે અહિયા પૂજા કરાય છે. સોનાના દાગીના પહેરાવાય છે.

પ્રાકૃતિક ખેતીમાં નવી દિશા : 22 વીઘા જમીન પર પ્રાકૃતિક ખેતી કરી વાર્ષિક આશરે 4 થી 5 લાખ રૂપિયા કમાય છે

# કોટંબી ગામના ખેડૂત સંજય પટેલે પ્રાકૃતિક ખેતીમાં કર્યો IoT નો ઉપયોગ





(પ્રતિનિધિ) વડોદરા, તા.2
ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનેક પ્રસંગોએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત કરવાનો અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવાનો શ્રેષ્ઠ માર્ગ ગણાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતથી શરૂ થયેલી પ્રાકૃતિક ખેતી ક્રાંતિને રાષ્ટ્રીય સ્તરે આગળ ધપાવી છે અને ખેડૂતોને રાસાયણિક ખાતરો-કીટનાશકો પરની નિર્ભરતા ઓછા કરીને પ્રાકૃતિક ખેતી કરવા આહ્વાન કર્યું છે. આ પ્રેરણાથી ગુજરાતના અનેક ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે અને સંજય પટેલ જેવા ખેડૂત તેમના કાર્ય દ્વારા આ અભિયાનને જીવંત બનાવી રહ્યા છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના કોટંબી ગામે 50 વર્ષીય સંજયભાઈ વલ્લભભાઈ પટેલે એમની 22 વીઘા જમીન પર ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને આધુનિક ટેક્નોલોજી જેવી કે, ખાસ કરીને IoT (Internet of Things) સાથે જોડીને એક અનોખું મોડેલ ઉભું કર્યું છે. સંજયભાઈનું જીવન ક્યારેક એક શિપિંગ કંપનીના વ્યસ્ત કાર્યાલયમાં પસાર થતું હતું. સંજયભાઈની ગૌશાળા તેમની ખેતીનું હૃદય છે. લગભગ 33 ગાયોની સેવા તેઓ કરે છે. આ ગાયોનું દૂધ માત્ર પોષણ પૂરું પાડતું નથી, પરંતુ ઔષધિય ગુણોથી ભરપૂર ઘી બનાવવામાં ઉપયોગી થાય છે. આ ઘી બજારમાં 700 થી 800 રૂપિયા પ્રતિ કિલોગ્રામે વેચાય છે અને તેની ભારે માંગ છે. એક વર્ષમાં તેઓ લગભગ 100 લિટર ઘી વેચી રહ્યા છે. ખેતીમાં તેમણે આધુનિક ટેક્નોલોજીનો પણ સુયોગ્ય ઉપયોગ કર્યો છે. IoT આધારિત મિકેનિઝમ દ્વારા ખેતરમાં તાપમાન, પવનની ગતિ, વરસાદનું પ્રમાણ, ધુમ્મસ અને જમીનની ભેજ જેવા પરિમાણોનું સચોટ નિરીક્ષણ થાય છે. મોબાઈલ એપ્લિકેશન મારફતે તેઓ પાણી આપવાની જરૂરીયાતથી લઈને સ્લરી વિતરણ સુધીની દરેક પ્રક્રિયા સરળતાથી નિયંત્રિત કરી શકે છે. આ પદ્ધતિએ તેમને ઉપજમાં ગુણવત્તા અને ઉત્પાદકતા બંનેમાં વધારો અપાવ્યો છે. સંજયભાઈ ખેતી સાથે સાથે કુદરતી ઉત્પાદનોના નિર્માણમાં પણ અગ્રેસર છે. “સ્વયુર આયુર્વેદ સ્ટોર” નામે તેઓએ સ્વાસ્થ્ય અને સુખાકારી માટેના આશરે 1200 ઉત્પાદનો તૈયાર કર્યા છે.

# નસવાડી APMC ગ્રાઉન્ડમાં દુકાનો પાસે ઘૂંટણ સમા પાણી ભરાતા વેપારીઓ પરેશાન

(પ્રતિનિધિ) નસવાડી, તા.3
નસવાડીના સ્ટેશન વિસ્તાર માં એપીએમસી ની માલિકી ની 100 જેટલી દુકાનો આવેલી છે અને લાખો રૂપિયા ભાડું દર માસે દુકાન માલિકો એપીએમસી ને ચૂકવે છે ત્યારે એપીએમસી ના કાંટા પાસે વરસાદી પાણી ગ્રાઉન્ડ માં ભરાઈ જતા વેપારીઓ હેરાન પરેશાન થાય છે ભારે વરસાદ પડે તો ઘૂંટણ સમા પાણી ભરાતા વેપારીઓને ધંધા માં ભારે નુકશાન થાય છે

સરકાર ના નિયમો નું પાલન કરવામાં આવતું નથી જેના કારણે આડેધડ શોપિંગ સેન્ટરો બનાવી દેતા વરસાદી પાણી નો નિકાલ બંધ થઈ ગયો છે હાલ તો પાણી ભરાઈ ત્યારે દુકાન માલિકો ને નુકશાન જાય છે પાણી માં રહીને ગ્રાહકો દુકાન માં આવતા નથી અને પાણી ભરાયેલ હોવાથી ગ્રાહકો ના આવતા વેપાર ધંધા ને નુકશાન થાય છે આ બાબતે વેપારીઓ એ એપીએમસી ના સત્તાધીશો ને પાણી નિકાલ માટે સુવિધા ઉભી કરવા માટે વેપારીઓએ અનેક વાર રજૂઆતો કરી છે પરંતુ એપીએમસીના સત્તાધીશો વેપારીઓની રજુઆત ધ્યાને લેતા નથી ત્યારે વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છેઆ જ પરિસ્થિતિ રહેશે તો વેપારીઓ APMCને દુકાનો નું ભાડું નહિ ભરે તેવી ચીમકી ઉચ્ચારી છે.